# લકવાગ્રસ્ત ઈરાની કલાકાર ફતેમેહ હમામી નસરાબાદી

**(Fatemeh Hamami Nasrabadi)**



**https://www.youtube.com/watch?v=yWlnV0jXVyM**
**https://www.youtube.com/watch?v=UP5nQ1YmFXU**

જીવન ખરેખર એક અદભુત વસ્તુ છે. તે એક એવી ભેટ છે જે પરમકૃપાળુ પરમેશ્વરે આપણને આપી છે અને વિશ્વ જે આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે તે બધું અનુભવવાની તક આપણી પાસે છે. ફક્ત તે તકને ઝડપી લેવાની આપણી કેટલી તૈયારી છે અને કેવી રીતે તેને સ્વીકારીએ છીએ તેના પર જીવનનો આધાર હોય છે. જીવન જેટલું અદભુત છે તેટલું જ ઘણીવાર પડકારજનક પણ હોય છે. અપ્સ એન્ડ ડાઉન્સ, ટ્વિસ્ટ અને ટર્ન અને એવા સમય આવે છે ત્યારે બધું આપણી વિરુદ્ધ હોય તેમ લાગે છે. પરંતુ આપણે ધારીએ તો પડકારોનો સામનો કરીને આપણે જીવનમાં ખુશીઓ લાવી શકીએ છીએ. ખરેખર, જો આપણી પાસે હિંમત, સંકલ્પ, આત્મ વિશ્વાસ અને તેને અનુસરવાની કોશિશ હોય તો તે ખુશીઓ શોધી શકાય છે.

સદનસીબે, ફતેમેહ હમામી નસરાબાદી (Fatemeh Hamami Nasrabadi) જેવા અનેક લોકો ના દૃષ્ટાંત આપણી પાસે છે જે આપણા માટે એક અનોખું પ્રેરણા સ્ત્રોત બની શકે છે. તે આપણને એવું માનવા પ્રેરિત કરે છે કે કશું જ અશક્ય નથી અને તમે મુશ્કેલીમાં પણ ખુશી પસંદ કરી શકો છો. આજે વાત કરવી છે ઇરાનમાં જન્મેલી એક તેજસ્વી અને પ્રેરણાદાયી યુવતી એવી ૩૩ વર્ષની ફાતેમેહની. તેણે પોતાના પગનો ઉપયોગ કરીને અદ્ભુત પોટ્રેટ દોરી તેની સર્જનાત્મકતા બતાવવાની એક અનોખી રીત શોધી કાઢી છે ! શરીરનો ૮૫ ટકા ભાગ લકવાગ્રસ્ત હોવા છતાં માત્ર પોતાના જમણા પગ અને તેની આંગળીઓ પરના નિયંત્રણનો ઉપયોગ કરીને ચિત્રો દોરવાની તેની ક્ષમતાનું  ખરેખર અદ્ભુત પ્રદર્શન કર્યું છે. તેના પેઇન્ટિંગ્સ જોતા પહેલા ચાલો તેના જીવનમાં એક ડોકિયું કરી લઇએ.

ફતેમેહ હમામી નસરાબાદીનો જન્મ ૧ ફેબ્રુઆરી, ૧૯૮૯ ના રોજ ઇસ્ફહાન પ્રાંતના નાના શહેર સેફિદ શહેરમાં થયો હતો. તેની બહેન ઝહરા પછી જન્મેલા જોડિયા બાળકોમાં તે બીજી જન્મેલ હતી. ફાતેમાનો જન્મ થયો ત્યારે ડોક્ટરોએ તેની માતાને કહ્યું કે તે ઓક્સિજનથી વંચિત છે. અને.... ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ ગયું કે તે ગંભીર રીતે શારીરિક રીતે અક્ષમ છે. જો કે, તેની માતાને તેની પુત્રીની અપંગતાને સંપૂર્ણપણે સ્વીકારવામાં લાંબો સમય લાગ્યો ન હતો. તેણે ફાતેમેહને સામાન્ય પ્રાથમિક શાળામાં મોકલવાનું નક્કી કર્યું કારણ કે તેની પુત્રી સાત વર્ષની થઈ તે પહેલાં જ તે જોઈ શકતી હતી કે ફતેમેહ તેના પગનો ઉપયોગ કરીને તેના રોજિંદા કામો કરી રહી હતી.

શારીરિક રીતે વિકલાંગ લોકો માટે, નિયમિત ભૌતિક કાર્યો કરવા એ એક પર્વત ચઢવા જેવું કામ હોય છે પરંતુ હમામી કાચી-પોચી નહોતી. તેની કમજોર વિકલાંગતા હોવા છતાં તેને તેના હૃદયને અનુસરવાની અને એક કલાકાર બનવાની શક્તિ અને ખંત જાણે જન્મથી જ મળ્યા હતા. તેને

નાનપણથી જ ડ્રોઇંગનો શોખ હતો અને તે માત્ર ૧૬ વર્ષની હતી ત્યારે પેઇન્ટિંગને વ્યવસાયિક રીતે અપનાવવાના તેના સ્વપ્નને તે અનુસરી હતી!

શાળામાં, હમામી લખવા માટે તેના અંગૂઠા વચ્ચે પેન લેતી હતી. તે પાંચમા ધોરણ સુધી તેના જોડિયા બહેન સાથે શાળામાં ગઈ હતી પરંતુ તેનો પરિવાર આર્થિક મુશ્કેલીઓથી પીડાતો હતો તેથી તેની પાસે અભ્યાસ છોડી દેવા સિવાયનો કોઈ વિકલ્પ નહોતો. થોડા વર્ષો પછી, જોકે, તે નજીકના શહેર કાશનમાં ખાસ જરૂરિયાતવાળા બાળકો માટેની શાળામાં ભણવામાં સક્ષમ હતી. ત્યાં તેણે મિડલ સ્કૂલના ત્રીજા વર્ષ સુધીનો અભ્યાસ કર્યો. જો કે તેની પ્રતિભાને વધુ અદ્યતન શિક્ષણથી ફાયદો થયો હશે. આ શાળામાં જ સઈદ બુઝર અરણી (જીર્ઠીદ્ઘ ર્મેદ્ધઠ્ઠિ છિટ્ઠહૈ) તેને ઓળખી શકયા અને તેનું જીવન બદલાઈ ગયું.

અરણીનો જન્મ ૧૯૭૦માં થયો હતો અને તેમણે રોડ કન્સ્ટ્રક્શનમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી તેઓ મોટાભાગે કાશનમાં ડ્રોઇંગ અને પેઇન્ટિંગ શીખવવામાં વ્યસ્ત છે. ૨૦૦૪ માં, તેમણે કાશનની વિશેષ જરૂરિયાતવાળી શાળાના વિદ્યાર્થીઓ વિશે એક દસ્તાવેજી બનાવવાનું નક્કી કર્યું. ત્યાંના એક પ્રશિક્ષકે અરણીને વિદ્યાર્થીની સ્કેચબુકમાંથી એક ચિત્ર બતાવ્યું - અને તેમણે જે જોયું તેનાથી તે આશ્ચર્યચકિત થઈ ગયા. સ્કેચબુકમાં એક દિવ્યાંગ છોકરી દ્વારા બ્લેક-ઇંકથી દોરાયેલ ડ્રોઇંગ દર્શાવવામાં આવ્યા હતા, અને પ્રશિક્ષકે દાવો કર્યો હતો કે છોકરીએ તેના પગનો ઉપયોગ કરીને તમામ ડ્રોઇંગ્સ કર્યા હતા. તેણીના શરીરના એકમાત્ર ભાગ પર તેણી નિયંત્રણ કરી શકતી હતી તે તેના પગ હતા. આશ્ચર્યજનક રીતે, ફાતેમેહ શાળામાં લખવા માટે તેના અંગૂઠાનો ઉપયોગ કર્યો અને ટૂંક સમયમાં તેણે તેની વિકલાંગતા હોવા છતાં તેમની સાથે અસાધારણ ચિત્રો બનાવવાનું શરૂ કર્યું.

સઈદ બુઝર અરાનીએ ફાતેમેહ હમામીને શીખવવાનું શરૂ કર્યું અને તેમ છતાં તેણે ક્યારેય તેની ડોક્યુમેન્ટરી બનાવી ન હતી. ૧૦ વર્ષથી ઓછા સમયમાં તેણે હમામીને ઈરાનના કલા દ્રશ્યમાં એક અગ્રણી વ્યક્તિ બનવામાં મદદ કરી હતી. વસંત ૨૦૧૬ માં, વિશ્વ નાગરિક સંગઠન (ઉર્ઙ્ર-ઉંક્ષ્ઙ્ઘ ઝ્રૈંડીહજ 'ઙ્મિકહૈડટ્ઠૈંહ) ના પ્રમુખ ડો. યંગહૂન ક્વાક (Dr.YoungHoon Kwaak), તેમના અદ્ભુત ચિત્રો વિશે સાંભળ્યા પછી ફાતેમેહ હમામીને મળવા ઈરાન ગયા.



" મેં ફાતેમેહ હમામીને નજીકથી કામ કરતા જોયો, ત્યારે હું એટલો પ્રભાવિત થયો કે હું રડી પડ્યો," ડો. ક્વાકે કહ્યું. "આ બધી પ્રતિભા અને કાર્ય અને જીવનની આશા પ્રત્યે મારો આદર બતાવવા માટે, મેં તેના હાથને ચુંબન કર્યું." તેણે ફાતેમેહ હમામીને વર્લ્ડ સિટીઝન ઓર્ગેનાઈઝેશનના માનદ સભ્ય પણ બનાવ્યા. ડો. ક્વાક કહે છે કે "હું હમામીને મળ્યો ત્યારે તે નમ્ર અને વિનમ્ર હતી. તેણે કહ્યું કે મને હળવા રંગના કપડાં અને કોસ્ચ્યુમ જ્વેલરી ગમે છે. હું ત્રણ વર્ષની હતી ત્યારથી મેં મારા હાથને બદલે મારા પગનો ઉપયોગ કર્યો છે અને મને કમ્પ્યુટર અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવામાં કોઈ સમસ્યા નથી."

હમામી કલર પેન્સિલો અથવા કાળી શાહીથી દોરે છે અને ઈરાની મીડિયાએ તેના વોટરકલર્સ અને પ્રખ્યાત લોકોના ઓઈલ પેઈન્ટિંગ્સની તસવીરો પ્રકાશિત કરી છે. ફૂટબોલર અલી ડેઈ (Ali Daei) કથિત રીતે હમામીના પોટ્રેટથી પ્રભાવિત થયા હતા. પછી તેને ખબર પડી કે તેનું પોટ્રેટ એક મહિલા દ્વારા દોરવામાં આવ્યું છે જે તેના શરીરના ૮૫ ટકા ભાગમાં વિકલાંગતાથી પીડાય છે, ત્યારે તેણે તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર તેણીનો આભાર માન્યો અને તેને નાફ્ટ ફૂટબોલ ટીમના તાલીમ શિબિરની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું જ્યાં તે કોચિંગ કરી રહ્યો હતો. ૪ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ, હમામીએ શિબિરની મુલાકાત લીધી, અને ડેઇના ઉષ્માભર્યા સ્વાગત પછી, સ્ટારને તેના પોટ્રેટ સાથે ભેટ તરીકે રજૂ કર્યો.

ફૂટબોલ સુપરસ્ટાર લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પાછલા દાયકામાં તેમની અસાધારણ સિદ્ધિઓ માટે સમગ્ર રમતગમત સમુદાયમાં વખણાય છે. આ જોડી લાખો ચાહકોને ગૌરવ આપે છે જેઓ મેદાન પર અને મેદાનની બહાર તેમની પ્રવૃત્તિઓને અનુસરે છે. હમામી માં વધુ શું છે ? તે એક પ્રખર ફૂટબોલ ચાહક પણ છે અને તે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસ્સીને પ્રેમ કરે છે. તેણે આ બે મહાન ફૂટબોલરોના પોટ્રેટ દોરવાનું મનથી નક્કી કરી લીધું હતું. તેણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, "ફૂટબોલમાં મારી રુચિએ મને રોનાલ્ડો અને મેસ્સી સહિત વિશ્વના પ્રખ્યાત ફૂટબોલ ખેલાડીઓના પોટ્રેટ દોરાવ્યા. મારા મિત્રોએ મને લા લિગામાં પોટ્રેટનો ફોટો મોકલવામાં મદદ કરી. લા લિગાએ આની પ્રશંસા કરી અને મને એક વાસ્તવિક ટી-શર્ટ મોકલી." પોર્ટુગીઝ ફૂટબોલ સ્ટાર, રોનાલ્ડોએ ફાટેમેને વચન પણ આપ્યું હતું કે જ્યારે પણ તે ઈરાનની મુલાકાત લેશે ત્યારે તે વ્યક્તિગત રીતે તેનું કામ જોશે.

નવ મહિના કરતાં ઓછા સમય પછી, તેણીએ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું પોટ્રેટ પૂર્ણ કર્યું હતું. પોટ્રેટ એટલી સારી રીતે એક્ઝિક્યુટ કરવામાં આવ્યું છે કે તે માનવું મુશ્કેલ છે કે કોઈ વિકલાંગ વ્યક્તિએ તેને તેના પગથી દોર્યું છે. પરંતુ તે સ્પષ્ટ છે કે તેણીએ ઈરાનના સ્પર્ધાત્મક કલા દ્રશ્યમાં અને ઈરાની જનતાના હૃદયમાં પોતાના માટે જગ્યા બનાવી છે. તે સ્વીકાર્ય ઘટના છે કે કોઈ બે વ્યક્તિઓ એક જ ન હોઈ શકે અને જુદી જુદી વ્યક્તિઓને જુદી જુદી પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. જ્યારે કેટલાક એક ટુકડામાં જન્મે છે તો અન્ય કમનસીબે તંદુરસ્ત પ્રજનનનો સમાન વિશેષાધિકાર ભોગવતા નથી. પરંતુ જેઓ એક અથવા બીજી વિકલાંગતા સાથે વિશ્વમાં આવ્યા છે ત્યારે તેઓ માને છે કે તેઓ કાંઇક શીખવા આવ્યા છ. ક્યારેક જ્યારે જીવન તમને લીંબુ આપે છે ત્યારે તમે લીંબુનું શરબત બનાવો છો તેમાંજ તમારી મહાનતા સિદ્ધ થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને હમામી પર એક નજર નાખશો તો જે તેના પગથી ફૂટબોલરોના આશ્ચર્યજનક ચિત્રો બનાવ્યા છે તે માટે તમે ચોક્કસ અભિનંદન આપશો જ.

આજે ફાતેમેહ ઈન્ટરનેટ સેન્સેશન બની ગઈ છે અને ફૂટબોલ ફેન અને પોટ્રેટ આર્ટિસ્ટ તરીકે સફળ છે. સુપર પ્લેયર રોનાલ્ડોનું એક ઉત્કૃષ્ટ પેઇન્ટિંગ બનાવ્યા પછી ઘણા લોકોએ તેને ફૂટબોલ ફેન તરીકે તેને ઓળખે છે. તે ઈન્ટરનેટ પર વાઈરલ થઈ ગઇ છે. તેની ક્ષમતા જોઇને ઘણા લોકોની તેના પ્રત્યની લાગણી જોવા મળી છે. જો કે ફાતેમેહે ફૂટબોલ ખેલાડીઓના વધુ પોટ્રેટ દોરીને તેની કુશળતા વધારવાનું ચાલુ રાખ્યું છે. તેના સંકલ્પ, ધૈર્ય અને અવિશ્વસનીય પ્રતિભા આપણા બધા માટે પ્રેરણારૂપ છે.

હમામી માત્ર ગોલ મશીન અને જુવેન્ટસ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની સામાન્ય ચાહક નથી. પોર્ટુગીઝ કેપ્ટન માટે તેના ચાહકો-પ્રેમને વ્યક્ત કરવા માટે હમામી પાંચ વખતના બેલોન ડી'ઓર વિજેતા માટે અસાધારણ શ્રદ્ધાંજલિ લઈને આવી છે. ૮૫ ટકા લકવાગ્રસ્ત એવી હમામીએ ફક્ત તેના પગનો ઉપયોગ કરીને જુવેન્ટસ ફોરવર્ડનું અદભૂત પોટ્રેટ દોર્યું છે. તેનું માસ્ટરપીસ ટૂંક સમયમાં ટોક ઓફ ધ ટાઉન બની ગયું છે કારણ કે હમામીએ તેના જીવંત પોટ્રેટ માટે વિશ્વભરમાં પ્રશંસા મેળવવાનું શરૂ કર્યું છે.

તેના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભૂતપૂર્વ માન્ચેસ્ટર યુનાઈટેડ અને રીઅલ મેડ્રિડ સ્ટારના ભવ્ય પોટ્રેટને પૂર્ણ કરતા તેને જોઈ શકાય છે જે તેણીએ તેના અંગૂઠા વડે બનાવ્યું હતું. રોનાલ્ડોના પોટ્રેટ ઉપરાંત, ફાટેમે બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન અને પોપ સેન્સેશન સેલેના ગોમેઝના ચિત્રો પણ

દોર્યા છે. રોનાલ્ડોનું હમામીનું પોટ્રેટ સોશિયલ મીડિયા પર પહેલાથી જ વાયરલ થઈ ગયું છે અને આ ઈરાની કલાકારને આશા છે કે પોર્ટુગીઝ ગોલ મશીન ટૂંક સમયમાં તેના કામને સ્વીકારશે.

હમામી તેના રિયલ મેડ્રિડ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના પોટ્રેટ માટે હેડલાઇન્સમાં આવી છે - જે તેણીએ તેના પગનો ઉપયોગ કરીને દોર્યું હતું. આ પોટ્રેટ પૂર્ણ કર્યુ અને તરત જ તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર તેનો એક ફોટોગ્રાફ તેનો પોસ્ટ કર્યો જેના લગભગ ૩૩,૦૦૦ ફોલોઅર્સ છે. તે કહે છે, "હું ડ્રોઈંગ કરું છું... રોનાલ્ડોનો ચહેરો... મારા પ્રિય મિત્રો, હું રોનાલ્ડોને ખૂબ પ્રેમ કરું છું અને મને આ પેઇન્ટિંગ ખૂબ જ ગમ્યું છે. હું ઇચ્છું છું કે રોનાલ્ડો મારી પેઇન્ટિંગ જુએ અને મારી કલાને ટેકો આપે."

તેણે લખ્યું, "જો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો મારું કામ જોઈ શકે તો મને તે ગમશે. હું આશા રાખું છું કે તે જોશે કારણ કે તે મારી સાથે છે." ૫૦,૦૦૦ થી વધુ લોકોએ તેની પોસ્ટને લાઇક કરી અને રોનાલ્ડોએ પોતે જ તેના વખાણ કર્યા: "આ કોઈ મર્યાદા વિનાનો જુસ્સો છે," તેણે લખ્યું.

હમામીને તારાઓ દોરવાની આદત છે. તેણીએ પ્રખ્યાત ઈરાની અભિનેતા દારીયુશ અર્જોમંદ, જમશીદ મશાયેખી, પરવિઝ પરસ્તુઈ, રેઝા રૂયગરી, મેહરાન મોદીરી અને રેમ્બોદ જવાન, ટીવી ફૂટબોલ કોમેન્ટેટર અદેલ ફરદોસીપુર અને ફૂટબોલ સ્ટાર અલી દાઈના પોટ્રેટ કર્યા છે. વર્તમાન ખ્યાતિ પહેલા, ડેઇનું પોટ્રેટ પણ તેણીને લોકોના ધ્યાન પર લાવે છે.

ફાતેમેહ કહે છે કે તેને ચિત્રકામ સૌથી વધુ ગમે છે. તે ઘણીવાર ફક્ત રંગીન પેન્સિલનો ઉપયોગ કરીને લોકોને વિગતવાર ચિત્રિત કરી શકે છે. ફતેમેહે બે શિક્ષકોની મદદથી તેણીની કલાત્મક કુશળતાને સુધારી છે જેમણે મિડલ સ્કૂલમાં તેની પ્રતિભાને ઉજાગર કરી હતી. તે કહે છે, "મને ચહેરાની પેઇન્ટિંગ કરવી ગમે છે. જ્યારે હું પોટ્રેટ દોરવા માંગુ છું, ત્યારે ડિઝાઇનની શરૂઆત માટે હું વળાંકથી શરૂ કરું છું અને માનવ ચહેરાને ગોળાકાર કરું છું. આ ફેસ પેઇન્ટિંગનો એક નિયમ છે."



હમામી તેની મર્યાદાઓ હોવા છતાં મોટા સપના જુએ છે અને વૈશ્વિક ખ્યાતિ મેળવવા માંગે છે. તે કહે છે, "હું એટલી પ્રખ્યાત બનવા માંગુ છું કે જે પણ ઈરાન આવે તે મારી પાસે આવે અને મારું કામ જુએ." આજ સુધી, ફાતેમેહ તેના ફૂટબોલ આઇકોન્સ ઉપરાંત ઘણી હસ્તીઓના સ્કેચ અને ચિત્રો દોર્યા છે. તેણીએ વિશ્વ-વિખ્યાત હાસ્ય કલાકાર, ચાર્લી ચેપ્લિન, પ્રખ્યાત ઈરાની અભિનેતા મેહરાન મોદીરી, ઈરાની ફૂટબોલ લિજેન્ડ અલી દાઈ અને ભારતીય બોલિવૂડ આઈકોન શાહરૂખ ખાન જેવા અન્ય લોકોના પોટ્રેટ કર્યા છે. પોટ્રેટ ઉપરાંત, તેણીને પક્ષીઓ અને પ્રાણીઓના ચિત્રો દોરવાનું પણ પસંદ છે.












હમામીએ તેહરાન અને તેની આસપાસ તેના પેઇન્ટિંગ્સના ઘણા પ્રદર્શનો યોજ્યા છ તે આશ્ચર્યજનક બાબત નથી. તેનું અંતિમ સપનું છે કે તે પોતાની એક આર્ટ ગેલેરી ધરાવે અને વિશ્વ વિખ્યાત બને. તેને તેના દેશ અને વિશ્વના લોકો તરફથી જે પ્રેમ મળે છે તે તેના સપનાને સાકાર કરશે તે નિશ્ચિત છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોર્ટુગીઝ ફૂટબોલરનું અદ્ભુત પોટ્રેટ અપલોડ કર્યું ત્યારે તે ઈન્ટરનેટ સેન્સેશન બની ગઈ હતી જે વાયરલ થઈ હતી. યોગાનુયોગ તે આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૯૬,૦૦૦ થી વધુ ફેન ફોલોઈંગનો આનંદ માણે છે.

ફાતેમેહ રંગીન પેન્સિલનો ઉપયોગ કરીને પાત્રો બનાવે છે, અને તેને ડિઝાઇન કરવામાં સમય અને ધીરજ લે છે. તેણે તેના જુસ્સાને અનુસરીને અને તેણીની તકનીકો વિકસાવીને તેની વિકલાંગતાને દૂર કરવામાં વ્યવસ્થાપિત કરી છે. અને તેણે પેઇન્ટિંગ કૃતિના ઉત્કૃષ્ટ નમૂનાઓ અને તેના આકર્ષક સ્મિત દ્વારા સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. તમે આ પ્રેરણાદાયી કલાકાર વિશે વધુ જાણવા માંગતા હોવ અને તેના શાણપણને હૃદયમાં લેવા માંગતા હો તો તમારે ફાતેમેહનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ તપાસવું જોઈએ. ત્યાં તે તેની રચનાત્મક પ્રક્રિયા અને તેની પેઇન્ટિંગ પ્રક્રિયાના ભાગોને નજીકથી શેર કરે છે. તેની કળા અને તેની વાર્તા વિશ્વભરની યુવતીઓને પ્રેરણા આપશે તે નિશ્ચિત છે.

ફાતેમેહ હિંમત અને શક્તિનું એક ઉત્તમ ઉદાહરણ છે કારણ કે તે પેઇન્ટિંગ દ્વારા ધીમે ધીમે તેનો વિકાસ સાધે છે. તેની શારીરિક મર્યાદા હોવા છતાં તે હજી પણ રંગીન પેન્સિલોથી તેના પાત્રો દોરવામાં સક્ષમ છે. જો કે, ફતેમેહે કહે છે કે તેન તેની વિકલાંગતામા સર્જનાત્મક પેઇન્ટિંગ કરવું ખૂબ મુશ્કેલ લાગે છે. કારણ કે તે માત્ર એક પગથી કામ કરે છે. ભલે તે વિકલાંગતા સાથે જન્મી હોય પણ તેને નાનપણથી જ ચિત્રકામનો શોખ છે. તેથી હકીકત એ છે કે ફાતેમેહ આજે પણ ખુશ છે કે તેણીએ તેના પ્રયત્નો છોડ્યા નથી અને તેણે આશા ગુમાવી નથી. જીવનમાં સુખ મેળવવા માટે આપણી ચિંતાઓનો સામનો કરવાની અને આપણા માર્ગમાં આવતા પડકારોનો સામનો કરવાની આપણામાં હિંમત હોવી જોઈએ. આનો અર્થ એ છે કે આપણે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને નવી વસ્તુઓ અજમાવવી જોવી જોઇએ પછી ભલેને આપણે પરિણામ વિશે અચોક્કસ હોઈએ. તેનો અર્થ એવો પણ થાય છે કે જ્યારે આપણે અક્ષમ હોઈએ ત્યારે તે વસ્તુ સ્વીકારવા માટે પૂરતા બહાદુર બનવું પડે અને જ્યારે આપણને જરૂર હોય ત્યારે મદદ માટે પૂછવું પણ પડે. હિંમત ઉપરાંત સંકલ્પ એ જીવનમાં સુખ મેળવવાની ચાવી છે. આપણે મુશ્કેલ સમયમાં સખત મહેનત કરવા અને દ્રઢ રહેવા માટે તૈયાર રહેવું જોઈએ એ જાણીને કે જેઓ પ્રયત્ન કરે છે તેમને કામયાબી મળી જ રહે છે. આ માટે આપણા માટે લક્ષ્યો નક્કી કરવાની અને તેને સિદ્ધ કરવાની લગન હોય તો જરૂરથી સિદ્ધિ મળે જ પછી ભલે તે કેટલો સમય લે.

તે કહે છે, "વિડિયો મારું કામ દર્શાવે છે.. આ વિડિયોમાં મારા કામના પહેલાથી અંત સુધી દર્શાવવામાં આવ્યું છે, મેં સ્કેચિંગથી લઈને કલરિંગ સુધીના તમામ કામ જાતે જ કર્યા છે! તમારે મારા કામને જીવંત જોવું છે? તો એક ક્લીક કરો અને મને અને મારા કામને જીવંત જુઓ."

તમારે જીવનમાં ખુશી ક્યાંથી મેળવવી હોય તો યાદ રાખો કે તે તમારી પહોંચમાં છે. થોડી હિંમત, સંકલ્પ અને પ્રયત્નો સાથે તમે તમારા મનમાં નક્કી કરો છો તે કોઈપણ વસ્તુ સુધી પહોંચી શકો છો અને એક પરિપૂર્ણ અને સુખી જીવન પણ જીવી શકો છો. આપણે બધા આ અદ્ભુત કલાકાર પાસેથી તે પાઠ શીખી શકીએ છીએ. ખુશી મેળવવી એ એક નિર્ણય છે. ખરેખર! ચાલો આપણે ફાતેમેહની વાર્તામાંથી પ્રેરણા લઈએ અને આપણા જીવનનો મહત્તમ લાભ લેવા માટે તેની જેવો સંકલ્પ, તેના જેવી લગન અને ધીરજ કેળવીને જીવનમાં ખુશી મેળવીએ.

## વિડિઓ લિન્ક

**https://www.youtube.com/watch?v=T3llNNtnow0**
**https://www.youtube.com/watch?v=ECJ110Jfisg**
**https://www.facebook.com/watch/?v=257665919257199 1**
**https://www.instagram.com/p/BvWkKMoll8t/?utm_source=ig_embed&utm_campaign=loading&hl=en**
**https://www.instagram.com/p/CUh9iYDKCQQ/**
**https://9gag.com/gag/aXg17B6**

oooooooooooooooooooo

# હમામીના પેઈન્ટિંગ્ઝ






fatemehamami 10h
theejonfields
85% paralyzed and drew the messiah with her foot. Run to your gift
@FATEMEHAMAMI


fatemehamami 17h
itspriyeshbansode8084
Iranian artist Fateme Hamami, who has 85% paralysis of her body, painted this portrait of Cristiano Ronaldo using only her feet.
@cristiano
@fatemehamami





























LaLiga










LaLiga



